**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ તાલીમ માટે નાણાંકીય લોન આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૭/ન.બા.૫/અ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- 26.3.08

**વંચાણે લીધા :**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકના તાઃ૨૦/૩/૯૯નો ઠરાવક્રમાંકઃસશપ/૧૧૯૭/ન.બા.૫–અ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૭/ન.બા.૫–અ તાઃ–૬/૭/૨૦૦૧

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૬/ન.બા.૧૯–અ તાઃ–૨૬/૩/૨૦૦૭ તથા.૧૦/૭/૦૭

**ઠરાવ :–**

૧. ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક–૩ના આ વિભાગના તા.૨૬/૩/૨૦૦૭ ના ઠરાવથી રાજ્યના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૮.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. હાલમાં પાઈલોટની તાલીમ ખર્ચમાં ઘણો વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા ઉમેદવાર દીઠ કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૧૫.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજના અંતર્ગત રૂા.૮.૦૦ લાખ લોનની રકમ વધારીને રૂા.૧૫.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંક–૧ના પ્રસ્તુત યોજનાના ઠરાવની શરત નંબર.૧૩માં જણાવેલ ૫૦% સહાયની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે અન્ય શરતો યથાવત રહેશે.

(પા.લ.જો.)

વર્ષ ૨૦૦૮–૦૯ના અંદાજપત્રમાં આ માટે કરેલ રૂ.૫૬.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૩. **આ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૦૮થી કરવાનો રહેશે.**

૪. આ અંગેનો ખર્ચ માંગણીક્રમાંક–૯૨ અંદાજપત્રના સદર–૬૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૦૩ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૮૦૦ અન્ય ખર્ચ–બીસીકે–૮૪,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને વાણિજિયક પ્રારંભીક યોજના ( કોમર્શીયલ પાઈલોટ ટ્રેનીગ ) માટે લોન હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૫/૩/૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( બકુલ શાહ )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
મા.રા.ક. મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી,(વિ.જા.)
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા )
નાણાં વિભાગ 'ક' શાખા ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય,અમદાવાદ / રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર,ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર,ગાંધીનગર.
બ– શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
પસંદગી ફાઈલ.

RAJ-07-190-191